**"ડો. આંબેડકર આવાસ યોજના" હેઠળ અપાતી**
**મકાન સહાયની રકમમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક :- અબડ/૧૦૨૦૦૦/૪૬૪/હ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૯ - ૮ - ૨૦૦૧.

**વંચાણે લીધા :-**

(૧) સરકારશ્રીના સા.ન્યા અને અ.વિ. ના ઠરાવ ક્રમાંક:-અબડ/ ૧૦૯૯ / ૭૬૯ / હ, તા.૨૨-૨-૨૦૦૦.
(૨) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:- અબડ/૧૦૨૦૦૦/ ૫૭૫ /હ, તા.૧૬-૩-૨૦૦૦.
(૩) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:- અબડ/૧૦૨૦૦૦/ ૪૬૪ /હ, તા.૨૮-૪-૨૦૦૦.
(૪) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:- અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ, તા.૧૯-૧૦-૨૦૦૦.
(૫) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:-અબડ/૧૦૨૦૦૧/મં-૧૧/હ, તા.૧૫-૬-૨૦૦૧.

**<u>ઠરાવ</u> :-**

આમુખમાં જણાવેલ ક્રમાંક-(૧) થી (૫) આગળના જુદા જુદા ઠરાવો અન્વયે રાજયમાં અનુ. જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડો. આંબેડકર આવાસ યોજના" અમલમાં છે. જેમાં અનુ. જાતિના લાભાર્થીઓને રૂા.૩૦,૦૦૦/ ની આર્થિક સહાય ત્રણ હપ્તામાં આપવાનું ધોરણ આમુખના ક્રમાંક:- (૫) માં દર્શાવેલ તા.૧૫-૬-૨૦૦૧ ના ઠરાવથી નિયત થયેલ છે. આ યોજના હેઠળ હવે પછી બનનાર મકાનો ભૂકંપ સામે ટકી શકે તેવા બનાવવાની જરૂરીયાતને ધ્યાને લેતાં, મકાન બનાવવા માટે વધુ રકમ ખર્ચવાનું જરૂરી હોવાનું જણાયું છે. આ બાબતને ધ્યાનમાં લઈ રૂ. ૩૦,૦૦૦/- ની આર્થિક સહાયમાં વધારો કરીને રૂ.૪૦,૦૦૦/- કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, "ડો.આંબેડકર આવાસ યોજના" હેઠળ આપવામાં આવતી રૂ.૩૦,૦૦૦/- ની આર્થિક સહાયમાં વધારો કરી સરકારશ્રી ધ્વારા રૂ.૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) સહાય પેટે આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સહાયમાં થયેલ વધારાના અમલ અંગે ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના ઠરાવોની જોગવાઈઓ અને અન્ય શરતો યથાવત રહેશે. આ ઠરાવ બહાર પાડયાની તારીખે જે અરજીઓ પડતર હોય તથા જેમાં એક પણ હપ્તો ચૂકવાયો ન હોય તેવા કિસ્સાઓમાં પણ આ હુકમો લાગુ પડશે. આ યોજના હેઠળ વધારવામાં આવેલ સહાયનો ખર્ચ આ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવેલ પ્લાન સીલીંગની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. ભૂકંપ પ્રતિરોધક આવાસો / મકાનો બનાવવા નીચે જણાવેલ કામો કરવાના રહેશે:-

(અ) **<u>સાઈસ્મિક ઝોન ૩ તથા ૪ માટે</u>**

૧. પ્લીન્થ લેવલે આડો આર.સી.સી. બેન્ડ ૭.૫ સે.મી. જાડાઈનો
૨. લીન્ટલ લેવલે આર.સી.સી. લીન્ટલ બેન્ડ ૭.૫ સે.મી. જાડાઈનો

(બ) સાઈસ્મિક ઝોન ૫ માટે

જ્યારે <u>સાઈસ્મિક ઝોન</u>–૫ ના વિસ્તારમાં (કચ્છ જીલ્લો)માં મકાનો બનાવવા માટે ઉપરોકત(અ)માં દર્શાવેલ ત્રણ કામો ઉપરાંત વધારાના નીચે મુજબના ભૂકંપ પ્રતિકારક <u>કામો કરવાના</u> રહેશે:–

1. બારી દરવાજાના ઓપનીંગની આજુબાજુ લોખંડના સળિયા મૂકી મજબૂતાઈનું કામ કરવાનું રહેશે.
2. સીલ લેવલે ખૂણા તથા ટી–જંકશનની દિવાલો ઉપર યુ આકારના સળિયા ૦.૯૦ મીટર લંબાઈના ૧:૩ સિમેન્ટ રેતીના કેલથી ભરીને મુકવાના રહેશે.
3. ચણતરનું કામ સીમેન્ટ, રેતી કેલ (૧:૬)ને બદલે (૧:૪)માં કરવાનું રહેશે.

આ બાબતો અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સહાય ચૂકવતા પહેલા લાભાર્થીના ધ્યાને મુકવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩-૮-૨૦૦૧ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( વિ.એમ.પરમાર )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

* માન રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અ. વિ. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર.
- રેસીડેન્ટ ઓડીટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સા.ન્યા. અને અ.વિ. ના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.('ક' શાખા સિવાય)
- પસંદગી ફાઈલ